બાયડના ધારાસભ્ય ધવલસિંહ ઝાલા કોંગ્રેસમાંથી રાજીનામુ આપતા મત વિસ્તારમાં આક્રોશ

પીક-અપ સ્ટેન્ડ પર લાગેલા પોસ્ટરને કાળો કલર લગાવતા ચકચાર

બાયડ, તા. ૮

ક્ષત્રિય ઠાકોર સેના અધ્યક્ષ અલ્પેશ ઠાકોર અને તેમના સાથી મિત્ર અને બાયડ-માલપુર

વિધાનસભા બેઠકના ધારાસભ્ય ધવલસિંહ ઝાલાએ રાજયસભા ચુંટણી બાદ તુરંત ધારાસભ્ય પદેથી રાજીનામું આપતા અરવલ્લી જીલ્લાના કોંગ્રેસના અગ્રણીઓ અને કાર્યકરોમાં રોષ જોવા મળી રહ્યો છે. બે દિવસથી તેમના વિરુદ્ધ અનેક પોસ્ટ સોસ્યલ મીડિયામાં વાઈરલ થઈ રહી છે ત્યારે બાયડ-ધનસુરા રોડ પર વાત્રક હોસ્પિટલ નજીક આવેલા વાંટડા ગામે પીક-અપ સ્ટેન્ડ પર લગાવેલા ધારાસભ્ય ધવલસિંહ ઝાલાની ગ્રાન્ટના બોર્ડ પર અજાણ્યા શખ્સોએ કાળો કલર અને ઓઈલ રેડી રોષ વ્યક્ત કર્યો હતો.

બાયડ-માલપુરના કોંગ્રેસના ધારાસભ્ય ધવલસિંહ ઝાલા રાજ્યસભાની ચૂંટણીમાં ભાજપને મત આપ્યા પછી તુરંત ધારાસભ્ય પદેથી રાજીનામુ ધરી દેતા તેમના મત વિસ્તારમાં છૂપો રોષ પ્રવર્તી રહ્યો છે.

ડેમાઈ જીલ્લા પંચાયત સીટના સદસ્ય કીર્તિ પટેલે સોસ્યલ મીડિયામાં વિધાનસભા-૨૦૧૭માં કોંગ્રેસે ટિકિટ બાયડ-માલપુર વિધાનસભા બેઠક પર અલ્પેશ ઠાકોરના કહેવાથી ટિકિટ ધવલસિંહ ઝાલાને ફેલાવતા આયાતી ઉમેદવાર ધવલસિંહ ઝાલા સામે જીલ્લા પંચાયત, તાલુકા પંચાયત વિરોધ નોંધાવ્યો હતો એ પોસ્ટ શેર કરી.

રાજકારણમાં ન આવવાની વાતો કરનાર બાયડના ધારાસભ્ય ધવલસિંહ ઝાલા તથા રાધનપુર ધારાસભ્ય અલ્પેશ ઠાકોર સમાજના નામે કોંગ્રેસ પક્ષમાં પ્રવેશ કરી ધારાસભ્ય બનવા સમગ્ર ઠાકોર સમાજ તથા ઓ.બી.સી. સમાજને છેતર્યા ત્યાર બાદ ધારાસભ્ય બની કરોડો રૂપિયાનું ઉઘરાણું કરી કોંગ્રેસને છેતરી જો આ બંનેમાં સાચા ઠાકોરના દિકરાનુ લોહી અને તાકાત હોય તો અપક્ષ ચૂંટણી લડી બતાવે સહિતની પોસ્ટ થાકી ચાબખા માર્યા હતા.

અરવલ્લી-રાધનપુર મત વિસ્તારમાં કોંગ્રેસના કાર્યકરોએ બંને ધારાસભ્યો ૨૦ કરોડમાં વેચાય સહિતની અનેક વિવાદાસ્પદ પોસ્ટ ફરતી કરી બંને ધારાસભ્યોને મત આપનાર કાર્યકરો વિશ્વાસઘાતની લાગણી અનુભવી રહ્યા છે.

નેશનલ હાઈવે પાસેના સરવણા ગામને અંડરબ્રીજની સુવિધા આપવા માંગ

હિંમતનગર-શામળાજી નેશનલ હાઈવેનું છ માર્ગીય રોડનું કામ ચાલી રહ્યું છે. ત્યારે નજીકમાં આવેલા સરવણા ગામના લોકોને અવરજવર કરવા માટે અંડરબ્રીજની સુવિધા મળે તે માટે સોમવારે ગ્રામજનો દ્વારા જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપીને તેમની લાગણી અને માંગણી નેશનલ હાઈવે ઓથોરીટીમાં પહોંચાડવાની ખેવના રખાઈ છે.

ગ્રામજનોએ જિલ્લા કલેક્ટરને આપેલા આવેદનપત્રમાં જણાવાયા મુજબ જુનો નેશનલ હાઈવે ૮ અને નવો રાષ્ટ્રીય ધોરીમાર્ગ નં. ૪૮ને ટ્રાફીકના વધુ ભારણને લીધે તેને ચાર માર્ગીયમાંથી છ માર્ગીય બનાવવા માટે દિલ્હીથી મુંબઈ વચ્ચે વિસ્તૃતીકરણનું કામ પુરજોશમાં ચાલી રહ્યું છે. જેમાં અત્યારે રતનપુરથી ચિલોડા સુધીના રોડ પર ઓવરબ્રીજ તથા અંડરબ્રીજ બનાવાઈ રહ્યા છે. પરંતુ હિંમતનગર-શામળાજી રોડ પર આવેલ સરવણા ગામ પાસેથી પસાર થતા આ નેશનલ હાઈવે પર અંડરબ્રીજનું આયોજન કરાયું નથી. જેના લીધે ગ્રામજનોને રોડની સામે બાજુ જવા માટે ખાસ્સુ અંતર કાપવુ પડે તેમ છે. ગ્રામજનોના કહેવા મુજબ તેમનો સીમાડો રોડની સામેની સાઈડમાં આવેલો હોવાથી ત્યાં જવા માટે કોઈ વિકલ્પ નથી.

મેમદપુરમાં તંત્રના જવાબદાર સરકારી બાબુઓ દ્વારા જ

દલિત સમાજના પ્રતિબંધિત શબ્દનો ઉપયોગ કરીને અપમાનિત કરાઈ રહ્યું છે

દલિત સમાજને જાહેરમાં જાતિ અપમાનિત કરાય તો એટ્રોસીટી એક્ટ મુજબનો ગુનો બનતો હોય છે તો શું સરકારી બાબુઓ આ બાબતે અજાણ છે

વડગામ, તા. ૮

વડગામ તાલુકાના મેમદપુર ગામમાં સરકારી બાબુઓની બુધ્ધિનું પ્રદર્શન કરતું અને દલિત

સમાજને અપમાનિત કરતું બોર્ડ જાહેરમાં લગાવાયું હોવા છતાં કેમ કોઈની નજરે આવતું નથી ? અતિ પછાત જાતિમાં આવતા 'રાવત' સમાજને અપમાનિત કરતા બોર્ડને તાત્કાલિક હટાવીને જાહેર માર્ગ ઉપર અપમાનિત બોર્ડ લગાવનાર કસુરવાર સામે કાયદાકીય પગલાં લેવાય તેવું દલિત સમાજમાંથી માંગ ઉઠવા પામી છે.

તાજેતરમાં જ જીપીએસસી દ્વારા લેવાયેલ પોલીસ ઈન્સ્પેક્ટરની પરીક્ષાના પ્રશ્નપત્રમાં 'ગુરુ બ્રાહ્મણ' સમાજના લોકો માટે સરકાર દ્વારા પ્રતિબંધ મુકેલ શબ્દનો ઉપયોગ કરીને પ્રશ્નપત્ર નિકાળનાર સરકારી અધિકારી દ્વારા ગુરુ બ્રાહ્મણ સમાજના લોકોને અપમાનિત કરાતાં સમગ્ર ગુજરાતમાં વસવાટ કરતા ગુરુ બ્રાહ્મણ સમાજના લોકોમાં ઘેરા પ્રત્યાઘાત પડયા હતા અને ઠેરઠેર આવેદનપત્ર આપીને કસુરવાર સામે પગલાં ભરવા માંગ કરાઈ હતી.

ત્યારે વડગામના મેમદપુરમાં દલિત સમાજમાં આવતા 'રાવત' સમાજ માટે પ્રતિબંધિત શબ્દનો ઉપયોગ કરીને અપમાનિત થાય તેવું બોર્ડ જાહેરમાં સરકારી બાબુઓ દ્વારા લગાવાયું છે. ત્યારે સરકારી બાબુઓ દલિત સમાજની લાગણીને ઠેસ પહોંચે તેવા શબ્દનો ઉપયોગ કરીને શું સિધ્ધ કરવા માંગે છે.

શું સરકારી બાબુઓને જ દલિતોના પ્રતિબંધિત શબ્દનો ખ્યાલ નથી ? કે પછી આ સરકારી બાબુઓ જ લોકોને ભડકાવવા પ્રતિબંધિત શબ્દનો ઉપયોગ કરીને લોકોને ઉશ્કેરવાના પ્રયાસ થઈ રહ્યા હોવાની ચર્ચાઓ લોકોમાં થઈ રહી છે. ત્યારે સદભાવના અને સમરસતા કેળવવાની વાતો કરતી સરકાર અને સરકારના પદાધિકારીઓ આ બાબતે ગંભીરતા લઈને જાહેરમાં 'દલિત' સમાજને અપમાનિત કરતા બોર્ડ લગાવનાર કસુરવારો સામે કાયદાકીય પગલાં લઈને દલિત સમાજને જાહેરમાં અપમાનિત કરાય તો શું થાય તે બાબતનું ભાન કરાવાય તેવી દલિત સમાજમાંથી માંગ ઉઠવા પામી છે.

મોડાસા ચાર રસ્તા પોલીસ ચોકી નજીક સિદ્ધિ વિનાયક મોબાઈલ દુકાનમાં ચોર ત્રાટક્યા

હજીરા વિસ્તારમાં 3 દુકાનોના તાળા તૂટ્યા

મોડાસા, તા. ૮

અરવલ્લી જિલ્લા સહીત મોડાસા શહેરમાં પોલીસની નબળી કામગીરીના પગલે ચોર

લૂંટારૂઓ અને ઘરફોડિયા ગેંગ સહીત તસ્કરો બેફામ બની લૂંટની ઘટનાને અંજામ આપી રહ્યા છે. દિવસેને દિવસે અરવલ્લી જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ ખાડે જતા જિલ્લાના પ્રજાજનો ભયના ઓથાર હેઠળ જીવી રહ્યા છે. મોડાસા ચાર રસ્તા પોલીસ ચોકીથી ૨૦૦ મીટર દૂર અને ટાઉન પોલીસ સ્ટેશનથી ૫૦૦ મીટર દૂર આવેલી સિદ્ધિવિનાયક મોબાઈલ નામની દુકાનમાં રવિવારે રાત્રે પાછળથી બાકોરૂ પાડી મોબાઈલની દીવાલમાં કાણું પાડી પ્રવેશી બિન્દાસ્ત રીતે ૫૦ હજારના મોબાઈલ, એસેસરીની મુદ્દામાલની લૂંટ ચલાવી રફુચક્કર થતા ચકચાર મચી હતી. હજીરા વિસ્તારમાં દુકાનોના તાળા તૂટતાં પોલીસતંત્ર ઊંધા માથે પછડાયું હતું.

સતત પાંચમીવાર તસ્કરોએ સિદ્ધિવિનાયક મોબાઈલ શોપમાં લૂંટની ઘટનાને અંજામ આપતા દુકાનમાલિક પણ ચિંતામાં ગરકાવ થઈ ગયો હતો. ૬ મહિના અગાઉ પણ તસ્કરોએ

લૂંટની ઘટનાને અંજામ આપતા દુકાનમાં રહેલા સીસીટીવી કેમેરામાં બે ચોર કેદ થયા હતા. સીસીટીવી ફૂટેજ દુકાન માલિક પુરષોત્તમ ઉર્ફે બબલુ સિંધીએ પેન ડ્રાઈવમાં મોડાસા ટાઉન પોલીસને સુપ્રત કર્યા હોવા છતાં ટાઉન પોલીસ તંત્રએ નિષ્ફળ કામગીરી કે પછી ચોર લૂંટારુ ગેંગને છાવરતી હોય તેમ કોઈ યોગ્ય કાર્યવાહી ન કરતા બિનદાસ્ત બનેલ ચોર-લૂંટારૂઓએ લૂંટની ઘટનાને અંજામ આપ્યો હોવાનું રોષપૂર્વક જણાવ્યું હતું.

સિદ્ધિવિનાયક મોબાઈલ શોપમાં ૬ મહિના પૂર્વે થયેલી ચોરીની ઘટનાનું ચોર-લૂંટારુ ગેંગે પુનરાવર્તન કરી દુકાનની પાછળથી બાકોરું પાડી ૫૦ હજારના મુદ્દામાલની લૂંટ ચલાવી રફુચક્કર થઈ જતા દુકાન માલિકે મોડાસા ટાઉન પોલીસને જાણ કરતા પોલીસે રાબેતા મુજબ તપાસ હાથ ધરી હતી. હજીરા વિસ્તારમાં ત્રણ દુકાનોમાં શટર તોડી લૂંટનો પ્રયાસ કરી લૂંટારુઓ ફરાર થઈ જતા ઘટનાસ્થળે પોલીસ પહોંચી હતી.

ગુજરાત રાજ્ય હજ સમિતિ ગાંધીનગર અને બનાસકાંઠા જમીયતે ઉલમા દ્વારા બનાસકાંઠા જિલ્લાના હજીઓ માટે પાલનપુર સિવિલ હોસ્પિટલ ખાતે રસીકરણ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. બનાસકાંઠા જમીયતે ઉલમા અને ગુજરાત રાજ્ય હજ સમિતિ દ્વારા આગામી ૧૭ જુલાઈથી શરૂ થનાર હજયાત્રા માટે બનાસકાંઠા માંથી જનાર હજીઓ માટે રસીકરણ કેમ્પ નું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં બનાસકાંઠા જિલ્લામાંથી કુલ ૫૭૦ જેટલા હજીઓએ રસીકરણ કેમ્પ નો લાભ લીધો હતો અને આગામી સમયમાં હજયાત્રાએ જવાના છે. આ કેમ્પ માં હજીઓને કોઈપણ તકલીફ ન પડે તે માટે બનાસકાંઠા જિલ્લા જમીયતે ઉલમા દ્વારા પૂરતા પ્રમાણમાં જરૂરિયાતો ગોઠવવામાં આવી હતી. આ કેમ્પ પ્રસંગે જમીયતે ઉલમાના સેક્રેટરી અતિકુરહેમાન, ગુજરાત રાજ્ય હજ સમિતિના ફિલ્ડ ટ્રેનર, સહિત સંગઠનના સભ્યો અને હાજીઓ ઉપસ્થિત રહ્યા હતા.

સાબરડેરીના દરવાજા પાસેથી બાઈક ચોરાયું

હિંમતનગર પાસે આવેલ સાબરડેરીના દરવાજા આગળથી એક માસ અગાઉ અજાણ્યો શખ્સ રૂ. ૨૦ હજારની કિંમતના બાઈક નં. જીજે.૦૯.સીજી.૦૧૯૬ની ચોરી કરી લઈ ગયો હતો. જે અંગે પ્રાંતિજ તાલુકા મૌછા ગામના પૂંજસિંહ ભાલુસિંહ ચૌહાણે ચોરાયેલા બાઈક અંગે તપાસ કરવા છતાં કોઈ પત્તો ન મળતા આખરે તેમણે રવિવારે હિંમતનગર એ.ડીવીજન પોલીસ સ્ટેશનમાં વાહન ચોરાયાની ફરીયાદ નોંધાવી હતી.

પાલનપુરના હરીપુરામાં ગંદકી સફાઈના મુદ્દે રહીશોનો હોબાળો

સફાઇ નહી કરાય તો પાલિકામાં હોબાળો કરવાની ચિમકી

પાલનપુર

પાલનપુર શહેરના હરીપુરા વિસ્તારના રહીશો દ્વારા પ્રાથમિક સુવિધાના મુદ્દે હોબાળો મચાવ્યો હતો.સમસ્યાઓને લઇ અવાર-વાર પાલિકામાં રજુઆત કરવા છતા પાલિકાના સત્તાધીસો દ્વારા આંખ આડા કાન કરવામાં આવતા હોવાના રહીશોએ આક્ષેપો કર્યા હતા.

પાલનપુર શહેરમાં આવેલ હરીપુરા વિસ્તારમાં અવાર-નવાર ગટરો ઉભરાય છે.અને ગંદા પાણીના ખાબોચીયા ભરાય જાય છે.અને મચ્છરોનો ઉપદ્રવ થવાના કારણે સ્થાનિક રહીશોમાં રોગ ચાળો ફાટી નિકળવાનો ભય રહે છે.તેમજ રહીશોના ઘર આગળ ગંદા પાણીના ખાબોચીયા ભરાઇ રહેતા હોવાથી વિદ્યાર્થીઓને શાળાએ જવા માટે મુસ્કેલી પડે છે.આ બાબતે અવાર-નવાર નગરપાલિકાના સત્તાધિસોનું ધ્યાન દોરવામાં આવ્યુ છે.તેમજ રજુઆત પણ કરવામાં આવી છે.પરંતુ પાલિકા દ્વારા હરિપુરા વિસ્તારમાં દેખવા સુધ્ધા પણ આવતા નથી.જેથી આજરોજ સ્થાનિક રહીશો દ્વારા હોબાળો મચાવવામાં આવ્યો હતો.અને જણાવ્યુ હતુ.કે આગામી દિવસોમાં જો અમારી સમસ્યાનો નિકાલ નહી આવે તો પાલિકામાં હોબાળો કરી વિરોધ દર્શાવવામાં આવશે તેમ રહીશોએ જણાવ્યુ હતુ.

ડીસામાં આખલાની અડફેટે બાઇકચાલક ઘવાયો

બનાસકાંઠા જિલ્લાના વેપારી અને તાલુકા મથક ડીસામાં નગરપાલિકાની નઘરોળતાના કારણે રખડતા પશુઓનો ત્રાસ યથાવત રહેવા પામ્યો છે. ભૂરાટા બનીને જાહેરમાં ઝઘડતા અને દોડતા પશુઓના કારણે મોતના બનાવો વચ્ચે ઈજા પામવાના બનાવો રોજિંદા થઈ પડ્યા છે ત્યારે વધુ એક બનાવમાં ડીસા નજીકના ઢૂંવા રોડ ઉપર આવેલ શિવશંકર કોલ્ડ સ્ટોરેજ પાસે પોતાનું ફાર્મ હાઉસ ધરાવતા મહેશભાઈ ચુનીલાલ રાજપુરોહિત ગઈકાલે બાઇક લઈને ફાર્મ હાઉસ પર જતા હતા તે દરમ્યાન અચાનક આગળ આવી ગયેલા આખલાએ બાઈકને અડફેટે લેતા તેઓ નીચે રોડ ઉપર પટકાયા હતા જેથી આજુબાજુમાંથી દોડી આવેલા લોકોએ તેમને દવાખાને ખસેડયા હતા જ્યાં તેમને ડાબા હાથે તેમજ પાંસળીઓમાં ગંભીર ઈજાનું નિદાન થયું હતું. ડીસા-ઢૂંવા રોડ ઉપર કેટલાક વેપારીઓ અને લોકો સડેલા બટાટા ફેંકે છે જેના કારણે રોડ ઉપર ગાયો અને આખલાઓનો અડીંગો રહે છે જેઓ અવારનવાર વાહન ચાલકો અને રાહદારીઓને અડફેટે લે છે. તેમાં પણ રાતનાં સુમારે આ રોડ ઉપર નીકળવું મુશ્કેલ થઈ જાય છે. જવાબદાર તંત્ર આ મુદ્દે પણ સત્વરે ઘટતાં પગલાં ભરે તેવો જનમત પ્રવર્તે છે.

લક્ષ્મીપુરાની સીમમાં સગીરા પર દુષ્કર્મ આચરનાર નરાધમને ૧૦ વર્ષની કેદ

હિંમતનગર, તા. ૮

ખેડબ્રહ્મા તાલુકાના લક્ષ્મીપુરા ગામની સીમમાં ભાગીયા તરીકે કામ કરતા એક શ્રમજીવી પરીવારની સગીરા પર એક વર્ષ અગાઉ એક નરાધમે તેણીની મરજી વિરૂદ્ધ છ વખત દુષ્કર્મ કરીને ગર્ભવતી બનાવી દેતા આ સગીરાએ તત્કાલીન સમયે ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી ફરીયાદ બાદ તે અંગેનો કેસ સોમવારે ઈડર કોર્ટમાં ચાલી જતા ન્યાયાધીશે આ નરાધમને ૧૦ વર્ષની કેદની સજા અને દંડ ફટકાર્યો છે.

ગત તા. ૨૮-૩-૨૦૧૭ના રોજ લક્ષ્મીપુરા ગામની સીમમાં રહેતા મુળ છોટાઉદેપુર તાલુકાના પાલસાડા ગામનો એક પરીવાર છેલ્લા કેટલાક વખતથી ભાગીયા તરીકે રહેતા હતા. તેમના પરીવારની એક ૧૪ વર્ષની દિકરી પણ તેમની સાથે રહેતી હતી. દરમ્યાન આ સગીરાને જોઈને પંચમહાલ જિલ્લાના હાલોલ તાલુકાના શિવરાજપુર ગામના સંજયભાઈ રમણભાઈ નાયકા નામનો એક શખ્સ અવારનવાર આવતો હતો અને આ સગીરા સાથે તેણીના પરીવારજનોની જાણ બહાર શારિરીક અડપલા કરતો હતો.

ભિલોડા મોહનપુર ચોકડી નજીક રીક્ષા-બોલેરો પીક-અપ ડાલા વચ્ચે ગમખ્વાર અકસ્માત રિક્ષાના બે ટુકડા

ભિલોડા, તા. ૮

અરવલ્લી જીલ્લામાં ટ્રાફિક પોલીસતંત્ર અને સ્થાનિક

પોલીસતંત્રની બેધારી નીતિથી વાહનચાલકો ટ્રાફિકના નિયમનો ઉલાળિયો કરી માર્ગો પર બેફામ વાહનો હંકારતા અકસ્માતની ઘટનાઓમાં નિર્દોષ વાહનચાલકો અને રાહદારીઓ ભોગ બની રહ્યા છે. ભિલોડાના મોહનપુર ચોકડી નજીક પીક-અપ ડાલાએ સીએનજી રિક્ષાને ધડાકાભેર ટક્કર મારતા રિક્ષાના ઉભા બે ફડાકા થઈ ગયા હતા. રિક્ષામાં બેઠેલા ત્રણ લોકોના ઘટનાસ્થળે પ્રાણ પંખેરું ઉડી ગયું હતું. અકસ્માતના પગલે દોડી આવેલી ભિલોડા પોલીસે ત્રણે મૃતદેહને પીએમ માટે મોકલી આપી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. મૃતકોના પરિવારજનો દવાખાને દોડી આવી ભારે આક્રંદ કરી મુકતા વાતાવરણમાં ગમગીની છવાઈ હતી.

ભિલોડા મોહનપુર ચોકડી નજીક રીક્ષા-પીકઅપ ડાલા વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાતા ઉ લોકો કાળનો કોળિયો બની જતા ઘટનાસ્થળે કમકમાટી ભર્યું મોત નીપજ્યું હતું. મોહનપુર ચોકડી નજીક રિક્ષાને પીક અપ ડાલા વચ્ચે અકસ્માત થતા રિક્ષામાં સવાર નરેન્દ્રભાઈ વેચાતભાઈ બાગા, જગદીશભાઈ રમેશભાઈ કટારા (બંને રહે. મેરુ ભિલોડા) અને રોહિતભાઈ સુરપાલભાઈ ડામોર (રહે.નવા ભેટાલી, ભિલોડા)નું ઘટનાસ્થળે મોત નિપજતા ઘટનાસ્થળે લોકોના ટોળેટોળા ઉમટ્યા હતા. અકસ્માતની ઘટનાની જાણ ભિલોડા પોલીસ થતા તાબડતોડ ઘટનાસ્થળે દોડી આવી ત્રણે મૃતકોની લાશને પીએમ માટે ખસેડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હોવાની માહિતી પ્રાપ્ત થઈ હતી.

ચિત્રકુટધામમાં ૩ ઓગષ્ટથી તુલસી જન્મોત્સવ યોજાશે

ગાંધીનગર, તા. ૮

પ્રતિવર્ષની જેમ આ વર્ષે પણ તા. ૭મી ઓગષ્ટના દિવસે ચિત્રકુટધામ (તલગાજરડા) ગામે તુલસીદાસજીના જન્મદિને સવારે ૯.૩૦ વાગે વિદ્વાનો, સાહિત્યકારો, મહાનુભાવોની ઉપસ્થિતિમાં વાલ્મીકી વ્યાસ, તુલસી એવોર્ડથી અર્પણવિધિ યોજાશે.

બપોરે ૩ થી ૬ તુલસી સાહિત્ય વિચાર સંગોષ્ઠિ યોજાશે.

તા. ૩ ઓગષ્ટથી ૭મી ઓગષ્ટ પાંચ દિવસનો તુલસી જન્મોત્સવ સમારોહ યોજાશે.

તા. ૩ ઓગષ્ટ સાંજે સંગોષ્ઠિ તા. ૪-૫-૬ ઓગષ્ટના રોજ પણ સંગોષ્ઠિ યોજાશે.

વાલ્મિકી એવોર્ડ પૂ. જગદગુરૂ રામાનુજાચાર્ય સ્વામી વાસુદેવચાર્યજી મહારાજ અયોધ્યા વ્યાસ એવોર્ડ પૂ. સ્વામીશ્રી ગોવિંદગીરી મહારાજ (પૂણે/હરિદ્વાર), તુલસી એવોર્ડ પ.પૂ. મહામંડલેશ્વરમાં કનકેશ્વરી દેવીજી (મોરબી, ગુજરાત), તુલસી એવોર્ડ પ.પૂ. સ્વામીશ્રી મૈથિલીશરણજી (ઋષિકેશ/ચિત્રકુટ), તુલસી એવોર્ડ પંડિત શિવાકાન્તજી મિશ્ર 'સરસ' (વારાણસી) સન્માનપત્ર, સુત્રમાળા, શાલ સન્માનરાશિ એક લાખ પચીસ હજાર પુરા અર્પણ કરાશે.

રાજયસભા સાંસદ જુગલજી ઠાકોરે સેભર ગોગ મહારાજના દર્શન કર્યા

તાજેતરમાં યોજાયેલી રાજયસભાની ચૂંટણીમાં ભાજપમાંથી ચુંટાઇ આવેલા સાંસદ જુગલજી ઠાકોર રવિવારના વડગામ તાલુકાના સેભર ગોગ માહારાજના મંદિરે આવી પહોંચ્યા હતા.

જ્યાં ગોગ માહારાજના દર્શન કરી ધન્યતા અનુભવી હતી અને ભારતીય જનતા પાર્ટીના સદસ્યતા અભિયાનની મુલાકાત લીધી હતી. ભારતીય જનતા પાર્ટી વડગામ તથા અન્ય સામાજીક આગેવાનો દ્વારા સાંસદનુ ઉમળકાભેર આવકાર સાથે ઉષ્માભર્યું સ્વાગત કરાયુ હતું. જેમાં વડગામ તાલુકા ભાજપ પ્રમુખ પ્રવિણસિંહ રાણા, મહામંત્રી ગોવિંદભાઇ ચૌધરી, જીલ્લા પંચાયતના પૂર્વ સદસ્ય મુકેશભાઇ ચૌધરી(રૂપાલ), જિલ્લા પંચાયતના સદસ્ય અશ્વિન સક્સેના, બાલકૃષ્ણ જીરાલા, ગલબાભાઇ ચૌધરી, મેપડા સરપંચ રાકેશભાઈ પ્રજાપતિ, લક્ષમણભાઇ પ્રજાપતિ, વડગામ તાલુકા પંચાયતના સદસ્ય હસમુખભાઇ પરમાર(રૂપાલ) તથા અન્ય ભાજપના કાર્યકરો તથા સામાજિક આગેવાનો મોટી સંખ્યામાં જોડાયા હતા અને સાંસદનું સ્વાગત કર્યું હતું.